કારતક સુદ-૧૧ દેવઉઠી એકાદશીને દિને તુલસીવિવાહ સંપન્ન થયા બાદ જ માંગલિક પ્રસંગોના શ્રી ગણેશ થતા હોય છે. હિંદુ સંસ્કૃતિનો આ તુલસી વિવાહનો પ્રસંગ શ્રી કૃષ્ણ મંદિર તલોદ ખાતે યોજાઈ ગયો. જયાં તુલસીજી (વૃંદા)ના લગ્ન શ્રી વિષ્ણુનારાયણ ભગવાન સાથે અનન્ય ધામધૂમથી યોજાયા હતા. રવિરાંદલ આઈસ ફેકટરીવાળા અનિલભાઈ જયસ્વાલ અને શારદા એન્જીનીયરીંગ વાળા શંકરભાઈ પંચાલ પરિવારના યજમાનપદે સંપન્ન થયેલા આ તુલસી વિવાહ પ્રસંગનો મૂલ્યવાન લ્હાવો સંખ્યાબંધ ભાવિકોએ લીધો હતો એમ શ્રી વૈષ્ણવ સમાજ ટ્રસ્ટ તલોદના સહમંત્રી જીતુભાઈ ત્રિવેદીએ એક મુલાકાતમાં જણાવ્યું હતું. (તસવીર : દશરથ વણઝારા, તલોદ)

સોનામાં ૩૫૦, ચાંદીમાં ૭૦૦નો ઘટાડો નોંધાયો

અમદાવાદ, તા. ૧

અમદાવાદ સોના-ચાંદી બજારમાં શનિવારે સપ્તાહનાં અંતિમ દિવસે નેગેટીવ કારોબાર જોવા મળ્યો હતો. જેમાં ત્રણેય ધાતુઓનાં ભાવ ઘટાડા સાથે બંધ રહ્યા હતા. સર્વ પ્રથમ સોનાની વાત કરીએ તો શનિવારે અમદાવાદ માર્કેટમાં સોનામાં નેગેટીવ કારોબાર જોવા મળ્યો હતો. જેનાં કારણે અમદાવાદ બજારમાં શનિવારે સપ્તાહનાં અંતિમ દિવસે ૧૦ ગ્રામ સોનાના ભાવ રૂપિયા ૩૫૦ના ઘટાડા સાથે રૂપિયા ૩૧૬૦૦થી ૩૧૭૫૦ની સપાટી ઉપર બંધ રહ્યા હતા. જે શુક્રવારે રૂપિયા ૩૧૯૫૦ થી ૩૨૦૫૦ની સપાટી ઉપર સ્થિર હતા. જયારે સોનાને પગલે ચાંદીમાં પણ નેગેટીવ કારોબાર જોવા મળ્યો હતો. જેનાં કારણે દિવસના અંતે પ્રતિકિલોગ્રામ ચાંદીના ભાવ રૂપિયા ૭૦૦ના ઘટાડા સાથે રૂપિયા ૬૧૮૦૦ થી ૬૨૩૦૦ની સપાટી ઉપર બંધ રહ્યા હતા. જયારે ચાંદીના પગલે શનિવારે અમદાવાદ માર્કેટમાં રૂપાના ભાવમાં પણ ઘટાડો જોવા મળ્યો હતો. દિવસના અંતે રૂપાના ભાવ ઘટાડા સાથે રૂપિયા ૬૧૧૦૦ થી ૬૧૬૦૦ની સપાટી ઉપર બંધ રહ્યા હતા. આમ સપ્તાહની શરૂઆતમાં આગઝરતી તેજી સાથે શરૂઆત કરનાર અમદાવાદ સોના-ચાંદી બજારમાં સપ્તાહનાં અંતિમ દિવસ સુધી મોટો ઘટાડો નોંધાયો હતો. જેનાં કારણે રોકાણકારો સોના-ચાંદીની જગ્યાએ શેરબજારમાં રોકાણ કરવા માટે પ્રેરાયા હતા. દરમિયાન અમદાવાદ સોના-ચાંદી બજારની સાથે સાથે દેશના બાકીના બુલિયન બજારોમાં પણ આવી જ સ્થિતિ જોવા મળી હતી.

પર્યાવરણ જાગૃતિમાં મદદરૂપ થાય તેવી ચીજો અંગે પરિસંવાદ

ગાંધીનગર, તા. ૧

કન્ઝ્યુમર એજ્યુકેશન એન્ડ રિસર્ચ સેન્ટર દ્વારા જી.પી.સી.બી.ની સહયોગથી તા.૧ અને ૨જી ડિસેમ્બરે અમદાવાદમાં પરિસંવાદ યોજાયો છે. જેમાં પર્યાવરણની જાળવણીમાં મદદરૂપ થાય એવી ચીજોનો વપરાશ લાંબા સમય સુધી થઇ શકે તે છે. પરિસંવાદમાં મુખ્યત્વે રોજબરોજના જીવનમાં ગ્રાહકોને પર્યાવરણની જાળવણીમાં મદદરૂપ બનતી ચીજો અંગે જાગૃતિ ફેલાવવાનો છે. બે દિવસના આ કોન્ફરન્સ પછી ડિસેમ્બરનાં 'ઇકો મેળો' યોજાશે. 'ઇકો મેળો ઇકોલોજીની દૃષ્ટિએ ટકાઉ ચીજોના ક્ષેત્રમાં નવીન અભિગમો અને સર્વિસ દર્શાવવામાં આવે છે.'

આ કોન્ફરન્સમાં પર્યાવરણના નિષ્ણાતો સંબોધન કરશે. કે.યુ.મિસ્ત્રી, ડૉ. બી. આર. નાયડુ, શ્રીમતી વસુંધરા દેવધર, પ્રશાંત પંડ્યા, શ્રીમતી કલીયા સ્ટોન, ડી.જે. યાદવ, સંબોધન કરશે.

શબ્દાવલી - ૪૯૧૧



આડી ચાવી

૧. તુચ્છ વસ્તુ, લલ્લુ પંજુ (૪)
૫. ઝાંખરા વગેરેની આડશ (૨)
૬. તુચ્છ, હલકુ (૩)
૮. ચિંતા (૩)
૧૦. ઉકેડો, ગંદકીનું સ્થળ (૪)
૧૨. ત્વરા, સ્પીડ (૩)
૧૩. લપસણી (૫)
૧૬. જુદાઈની વેદના (૩)
૧૭. દારૂ (૩)
૧૮. ગુજરાતી પ્રથમ મહિનો (૪)
૨૧. ધોખાબાજ (૩)
૨૨. સુંદર (૨)

ઊભી ચાવી

૧. એક વાનગી (૪)
૨. નિયત - નક્કી કરેલ (૪)
૩. સવાર, પરોઢ (૫)
૪. પતંગ ફાટે ત્યારે... થી સંધાય (૫)
૭. પહોળુ (૩)
૯. કરડાકી, મોભો, વર્ચસ્વ (૩)
૧૧. અમેરિકન ચલણી નાણું (૩)
૧૪. સાથ, મદદ (૪)
૧૫. ધાબળો, બ્લેન્કેટ (૩)
૧૬. આરામ, રીશેષ (૩)
૧૯. વૃક્ષ, ઝાડ (૨)
૨૦. હાથમાં પહેરાય (૨)

શબ્દાવલી ૪૯૧૦ના જવાબ

આડી ચાવી :- (૧) ઓરસિયો (૪) ણીસોંપ (૬) વિજળી (૭) પ્રક્ષાલન (૯) પોરસ (૧૧) યાર (૧૨) પારાવાર (૧૩) ઓડસ (૧૫) રાજસભા (૧૭) શોક (૧૮) જમા (૧૯) નશ્વર (૨૨) તાર (૨૩) પાર્થ
ઊભી ચાવી :- (૧) સિવિલ (૩) યોજન (૫) સોંસરવા (૭) પ્રયાગરાજ (૮) ક્ષાર (૯) પોરા (૧૦) સરળ (૧૨) પાડ (૧૩) ઓસ (૧૪) સભાનતા (૧૬) જમાઇ (૧૭) જમાઇ (૧૭) શોર (૨૦) શ્વર (૨૧) સ્વાર્થ

મોટા શહેરોની જાણીતી હોટલોમાં

નવા વર્ષનું સ્વાગત કરવા તૈયારીઓ પૂર જોશમાં

મુંબઈ, તા.૧

નવુંવર્ષ ૨૦૧૩ને શરૂ થવામાં હજુ એક મહિનાની વાર છે ત્યારે મુંબઈ, દિલ્હી તથા અન્ય મોટા શહેરોમાં નવા વર્ષનું ભવ્ય સ્વાગત કરવા માટેની તૈયારીઓ અત્યારથી જ શરૂ થઈ ગઈ હોવાનું જાણવા મળે છે. ૩૧ ડિસેમ્બરની રાત્રે મોટાશહેરોમાં આવેલી જાણીતી હોટલોમાં સ્પેશ્યલ શોનું ભવ્ય આયોજન કરવામાં આવે છે જેમાં બોલિવુડની જાણીતી અભિનેત્રીઓ નૃત્ય કરે છે. આ શો માટે મલાઈકા અરોરા, બિપાશા બસુ, પ્રિયંકા ચોપડા, કેટરિના કૈફ, કરિના કપૂર તથા અન્ય અભિનેત્રીઓ હોટ ફેવરિટ છે. કેટલીક અભિનેત્રીઓને એક કે બે કલાક ડાન્સ કરવા માટે રૂપિયા એક કરોડ જેટલી રકમ ચૂકવવામાં આવે છે. આનાથી અભિનેત્રીઓ બેવડો ફાયદો થાય છે. એક તો માત્ર એક કે બે કલાકના પ્રોગ્રામ માટે તેમને આટલી મોટી રકમ મળે છે અને બીજુ કે તેમનુ નામ થાય છે. આ વર્ષે લોનાવાલામાં ન્યૂ યર્સ પાર્ટીમાં પરફોર્મ કરવા માટે પરિણિતી ચોપડાને તેના પોસ્ટર અર્જુન કપૂરની સાથે રૂપિયા ૨૦ લાખની ઓફર કરવામાં આવી હતી પરંતુ આ શોમાં અન્ય અભિનેત્રીઓ પણ આવનાર હોવાથી પરિણિતા માત્ર રૂપિયા ૧૦ લાખમાં ડાન્સ કરવા તૈયાર થઈ ગઈ છે.

મુસ્લિમ વિરોધી ફિલ્મનું ટ્રેલર યુ ટ્યુબ પરથી નહીં હટે

લોસએન્જલસ, તા.૧

વિશ્વના ઘણા બધા દેશોમાં વિભાગ વિરોધ અને હિંસાનું કારણ બનેલ મુસ્લિમ વિરોધી ફિલ્મમાં કામ કરી ચુકેલ અભિનેત્રી દ્વારા કરવામાં આવેલ અરજી કોર્ટે ફગાવી દીધી છે. અભિનેત્રીએ ફિલ્મનું ટેલર યુ ટ્યુબ પરથી હટાવવા માટે અરજી કરી હતી. લોસ એન્જલસમાં એક જજે સિંડી લી ગાર્શિયાની અરજી ફગાવી દીધી હતી. હજુ સુધી સ્પષ્ટ થયુ નથી કે ગાર્શિયાના વકીલ આ ચુકાદા વિરુદ્ધ અરજી કરશે કે નહીં. સપ્ટેમ્બરમાં અભિનેત્રીની અરજી એક પ્રાંતિય કોર્ટે ફગાવી દીધી હતી. આ ફિલ્મના લીધે ઘણા દેશોમાં મુસલમાનો નારાજ થયા હતા. અને એક ડઝન જેટલા લોકોની મોત થઈ હતી.

ગાર્શિયાએ કહ્યુ હતુ કે તેને ફિલ્મના નિર્માતાઓએ અંધારામાં રાખી હતી. ફિલ્મની મૂળ પટકથામાં મુસ્લિમોનો કોઈ ઉલ્લેખ ન હતો. ફિલ્મમાં મારા અવાજને પણ ડબ કરવામાં આવ્યો છે.



ધાનેરાનો વિકાસ વધવાની સાથે સાથે સમસ્યાઓ પણ તીવ્ર ગતિએ વધી રહી છે ત્યારે ધાનેરા શહેરના માર્ગો સહિત બસ સ્ટેશન, બજાર રેલવે સ્ટેશનના રોડ પર ગાયો અને પશુઓ રોડ વચ્ચે બેસી પ્રજાજનો-વાહન ચાલકોને ભારે મુસીબત કરી રહ્યા છે ત્યારે સ્થાનિક સુધરાઈ-ટ્રાફીક પોલીસ વિભાગે સત્વરે આ અંગે પગલા ભરવા લોકો તંત્ર પાસે અપેક્ષા રાખી રહ્યા છે.

રાજયકક્ષાનો વિશ્વ એઈડસ દિન મહેસાણા ખાતે ઉજવાયો

મહેસાણા, તા.૧

જિલ્લા વહીવટી તથા આરોગ્ય તંત્ર દ્વારા જિલ્લા એઈડસ અટકાવ અને નિયંત્રણ યુનિટ દ્વારા વિશ્વ એઈડસ દિનની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે જિલ્લા વિકાસ અધિકારીશ્રી એચ.એન. ઠકકર, સંયુકત ડાયરેકટર હેમંત શુકલા, જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી વિષ્ણુભાઈ પટેલ, લાયઝન અધિકારી એન.પી. જાની સહિત જિલ્લા આરોગ્ય તંત્રનો સમગ્ર સ્ટાફ હાજર રહ્યો હતો.

વિશ્વ એઈડસ દિને રાજય કક્ષાનો કાર્યક્રમ મહેસાણા દુધ સાગર ડેરી કોમ્યુનીટી હોલ ખાતે ઉજવવામાં આવ્યો હતો. જેમાં રાજયની આરોગ્ય નિયંત્રણ સાથે સંકળાયેલ તમામ એન.જી.ઓ.ના પ્રતિનિધિઓ રાજયના વિવિધ ડોકટરો હાજર રહ્યા હતા. આ એચ.આઈ.વી. એઈડસના નિયંત્રણ તથા અટકાવ કામગીરી વધુ અસરકારક તથા વેગવંતી બનાવવાનો પ્રયાસ કરાયો હતો. આ કામગીરીમાં વધુ ઉત્કૃષ્ટ કામગીરી કરી સહભાગી થનાર તમામ કર્મચારીઓ, અધિકારીશ્રીઓ અને વિવિધ સંસ્થાઓને બિરદાવવામાં આવી હતી. જેમાં પ્રથમ ક્રમે કામગીરી કરનાર ચુંવાળ ગ્રામ સંસ્થા મહેસાણા, સુરત, જુનાગઢ અને ગ્રામ વિકાસ કચ્છને ઈનામ આપી પ્રોત્સાહીત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા એઈડસના રોગની સમજ અંગેનું પ્રદર્શન રાખેલ હતું.

આ પ્રસંગે જિલ્લા વિકાસ અધિકારીશ્રી એચ.એન. ઠકકરે આ રોગ પર અંકુશ અને નિયંત્રણ માટે લોક જાગૃતિ લાવવા આપણે સૌએ સહિયારો પ્રયત્ન કરવો જોઈએ તેમ જણાવ્યું હતું. આ પ્રસંગે નાટક સહિત વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો રાખવામાં આવેલ હતા.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. ભરત ગોસ્વામી અને ટયુટર વિક્રમભાઈ પટેલ હાજર રહ્યા હતા.

કલ્યાણ સિંહ ચાલુ માસમાં જ ભાજપમાં જોડાશે : રાજનાથ

૧૦ થી ૧૫ ડિસેમ્બર વચ્ચે ભાજપમાં જોડાવાની ઔપચારિક જાહેરાત કરાશે

લખનૌ, તા. ૧

ઉત્તરપ્રદેશના ભૂતપૂર્વ મુખ્યમંત્રી કલ્યાણસિંહ ચાલુ માસમાં જ ભાજપમાં જોડાઈ જશે. ભાજપના પૂર્વ રાષ્ટ્રીય પ્રમુખે આજે કહ્યું હતું કે પૂર્વ મુખ્યમંત્રી કલયાણસિંઘ ભાજપમાં જોડાઈ ગયા છે. તેની ઔપચારિક જાહેરાત ૧૦ થી ૧૫ ડિસેમ્બર વચ્ચે કરાશે. પ્રશ્નોનો જવાબ આપતાં રાજનાથસિંઘે કહ્યું હતું કે, કલ્યાણસિંઘ ભાજપમાં આવી ગયાનું માની જ લો. તે જનાધાર ધરાવતા નેતા છે. હાલ હવે તમામ રાષ્ટ્રવાદી તાકાતો એ એક થવાનો સમય આવી ગયો છે. ૧૦ થી ૧૫ ડિસેમ્બર વચ્ચે ભાજપમાં જોડાવાની ઔપચારિક જાહેરાત કરાશે. કર્ણાટકના પૂર્વ મુખ્યમંત્રી યેદીયુરપ્પા દ્વારા ભાજપ છોડીને અલગ પક્ષ બનાવવા સંદર્ભે ભાજપના પૂર્વ પ્રમુખ રાજનાથસિંઘે કહ્યું હતું કે, કોઈ કદાવર નેતા પક્ષમાંથી જાય તેની ફરક તો પડે જ છે. પરંતુ ભાજપ એક રાષ્ટ્રીય પક્ષ છે. જેની ભરપાઈ કરવા પક્ષમાં આંતરિક તાકાત છે. કર્ણાટકમાં ભાજપ પુનઃ સત્તા પર આવશે. પક્ષ પ્રમુખ નીતિન ગડકરી અંગે પક્ષના અમુક નેતાઓના નિવેદન સંદર્ભે રાજનાથ સિંઘે કહ્યું હતું કે, ભાજપ એક રાષ્ટ્રીય પક્ષ છ. કોઈક વખત એકાદ ટિપ્પણી આવી જાય તો તેને વધારે મહત્વ આપવું ન જોઈએ. ભાજપ જાતિ અને ધર્મના આધારે રાજનીતિ કરતી નથી. જ્યારે પક્ષ ઉત્તરપ્રદેશમાં સમાજવાદીપક્ષ સપામાં આવે ત્યારે રાજ્યમાં સાંપ્રદાયિક તણાવ વધે છે. બહુમતી સમુદાયના લોકોએ આ વાત સમજવી જોઈએ.

(તસવીર : રમેશ વૈષ્ણવ)

તા. ૧-૧૨-૧૨ના રોજ તાલુકા હેલ્થ ઓફીસ ખેડબ્રહ્મા દ્વારા વિશ્વ એઈડઝ દિન નિમિત્તે રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં તાલુકાના તમામ મેડીકલ ઓફીસરો, આરોગ્ય કર્મચારીઓ, સુપરવાઈઝર દ્વારા, સુત્રોચ્ચાર કરી ખેડબ્રહ્મા નગરના જાહેર માર્ગો પરથી રેલી કાઢવામાં આવી હતી. રેલીમાં બેનર્સ, પ્લેકાર્ડ તેમજ પ્રચાર પત્રિકા દ્વારા એઈડઝ રોગ અંગેની જનજાગૃતિ ઉભી કરવામાં આવી હતી. જિલ્લા આઈ.ઈ.સી. અધિકારી શ્રી જીતુભાઈ સુથાર દ્વારા લીલીઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું. આ રેલીમાં તાલુકા આઈ.ઈ.સી. અધિકારી રાજેન્દ્રસિંહ વાઘેલા તેમજ મનહરભાઈ પટેલ દ્વારા રેલીનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું.

ઉમેદવારીપત્રો અમાન્ય

● અનુસંધાન પહેલાનું ચાલુ

સમજાવવાના પ્રયાસો હાથ ધરાયાનું જાણવા મળેલ છે.

ઉમેદવારી પત્રોની ચકાસણીને અંતે સૌથી વધુ ઉમેદવારો કલોલ બેઠક પર રહેવા પામ્યા છે. અહિ ૧૯ ઉમેદવારો મેદાનમાં રહ્યા છે.

આ પછી બીજાક્રમે માણસા બેઠક પર રહેવા પામ્યા છે. આ બેઠક પર ૧૭ ઉમેદવારો મેદાનમાં રહ્યા છે. દહેગામ બેઠક પર ૧૧ ઉમેદવારો મેદાનમાં રહ્યા છે તો ગાંધીનગર ઉત્તર બેઠક માટે ૧૪ ઉમેદવારો મેદાનમાં છે.

સૌથી ઓછા ઉમેદવારો ગાંધીનગર દક્ષિણની બેઠક પર રહ્યા છે. આ બેઠક પર રજુ થયેલા ૧૬ ઉમેદવારીપત્રો પૈકી ૮ ઉમેદવારી પત્રકો આજે ચકાસણી દરમ્યાન અમાન્ય થયા હતા.

આજે ચકાસણીને અંતે એક વાત સ્પષ્ટ બની છે કે જિલ્લામાં આ ચૂંટણી બહુકોણીય બની રહેશે. રાજકીય પક્ષો ઉપરાંત અપક્ષો પણ આ વેળાએ મોટી સંખ્યામાં મેદાનમાં છે.

જિલ્લાની પાંચેય બેઠકો પરની ચકાસણીની કામગીરી દરમ્યાન ચૂંટણી પંચના નિરીક્ષકોએ પણ હાજરી આપી હતી. આજે ચકાસણીની કામગીરી પૂરી થયા બાદ તંત્ર દ્વારા આગળની તૈયારીઓ હાથ ધરાઈ છે. હવે તંત્ર દ્વારા આ ચૂંટણીના મતદાન માટેની તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે.

સોમવારે ઉમેદવારીપત્રો પાછા ખેંચાયા બાદ માણસા અને કલોલમાં બીજા ઈ.વી.એમ.ની જરૂર પડશે કે કેમ? તે ચિત્ર સ્પષ્ટ થશે.

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of
Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz
and a wide range of vivid pattern with extinguish combinations.
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD
Radhe ENTERPRISE
F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની
સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES
APOLLO TYRES
રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે
ઉપલબ્ધ સેવાઓ :
● ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
● ટ્યૂબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
● હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
● મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.
એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૬૩૫૧, મો. : ૯૮૨૪૦-૯૪૭૨૮

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન